| This Answer Booklet Contains **24** Printed Pages | 01 | **GAM-1** |
|---|---|---|

(ખાખી / કાળા રંગનું સ્ટીકર અહીં ચોંટાડવું)
**(Paste Brown / Black sticker here)**

**Answer Book**
**જવાબવહી**

| ઉમેદવારની સહી | **નીચેની સૂચનાઓ વાંચ્યા પછી બારકોડ સ્ટીકર અહીં ચોંટાડવું** **Read the instructions given below and affix the Barcode Sticker here** |
|---|---|
| બેઠક નંબર Roll Number | |
| ઉમેદવારનું નામ | |
| નિરીક્ષકનું નામ અને સહી | |

**પ્રશ્નપત્ર નંબર : 1**
**વિષય : ગુજરાતી**
**કુલ ગુણ : 100 • Marks : 100**
**સમય : 3 Hours • Duration : 3 Hours**

01

| પ્રશ્ન ક્રમાંક | પેટા પ્રશ્ન ક્રમાંક | કુલ ગુણ | મેળવેલ ગુણ | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| **Q. 1** | | **10** | | **તમામ પ્રશ્નો ફરજીયાત છે.** |
| **Q. 2** | | **10** | | |
| **Q. 3** | | **10** | | |
| **Q. 4** | | **05** | | |
| **Q. 5** | | **10** | | |
| **Q. 6** | | **05** | | |
| **Q. 7** | | **10** | | |
| **Q. 8** | | **10** | | |
| **Q. 9** | | **10** | | |
| **Q. 10** | | **20** | | |
| મેળવેલ કુલ ગુણ આંકડામાં | | **100** | | |
| મેળવેલ કુલ ગુણ શબ્દોમાં | | | | |

**ખાસ સુચના :** જવાબો લખતા પહેલા જવાબવહીમાં તમામ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઇ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઇ પૃષ્ઠ સામેલ ન હોય અથવા અન્ય કોઇ ક્ષતિ જણાય તો તરતજ ખંડ નિરીક્ષક પાસેથી જવાબવહી અચૂક બદલાવી લેવી. એકવાર જવાબ લખવાનું ચાલુ કર્યા બાદ જવાબવહી બદલી આપવામાં આવશે નહિ.

| ઉમેદવારે આ જગ્યામાં કંઈ લખવું નહીં | |
|---|---|

પરીક્ષકનું નામ, સહી અને તારીખ / **Examiner's Name and Signatu**

## સૂચનાઓ

(૧) ઉમેદવારના પ્રવેશપત્ર પરનો બેઠક નંબર, વિષય કોડ તેમજ બારકોડ સ્ટીકર પરનો બેઠક નંબર તથા વિષય કોડ એક જ છે તે ચકાસીને ઉપર બતાવેલ બોક્સમાં બારકોડ સ્ટીકર ચોંટાડવું. ત્યારબાદ નિરીક્ષકની સૂચના પ્રમાણે કાળા રંગનું સ્ટીકર તેના ઉપર ચોંટાડવું.

(૨) ઉમેદવારે નિયત જગ્યા સિવાય જવાબવહીના કોઈપણ ભાગમાં નામ, બેઠક નંબર કે તખલ્લુસ દર્શાવવા નહિ કે કોઈ પણ પ્રકારની નિશાની કરવી નહિ.

(૩) ઉમેદવાર વાદળી કે કાળી શાહીની પેન કે બોલપેનથી ઉત્તરો લખી શકશે. પરંતુ તે સિવાયની કોઈ પણ રંગની શાહી, બોલપેન કે સ્કેચ પેનનો ઉપયોગ કરી શકશે નહિ.

(૪) ઉમેદવારે જવાબવહી નિરીક્ષકને સોંપતા પહેલાં ખાતરી કરી લેવી કે તેના ઉપર નિરીક્ષકની સહી થયેલ છે. નિરીક્ષકની સહી વગરની જવાબવહી તપાસવામાં આવશે નહિ.

**(૫) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યામાં જ જવાબ લખવાના રહેશે.**

**(૬) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યા સિવાય અન્ય જગ્યાએ ઉત્તરો લખેલ હશે તો તે તપાસવામાં આવશે નહિ તથા શૂન્ય ગુણ આપવામાં આવશે.**

**(૭) જે તે પ્રશ્નમાં માંગેલ જવાબોની સંખ્યા મુજબ પ્રથમ લખેલ જવાબો મૂલ્યાંકન અને ગુણપ્રદાન માટે ધ્યાને લેવાશે અને તે સિવાયના જવાબો માટે શૂન્ય ગુણ ગણવાના રહેશે.**

**(૮) જવાબ લખવા માટે અલગથી કોઈ પ્રકારની જવાબવહી/પુરવણી આપવામાં આવશે નહિ.**

(૯) ઉમેદવારે જે પ્રશ્નનો ઉત્તર ના લખેલ હોય અથવા જ્યાં ખાલી જગ્યા રહેલ હોય ત્યાં ત્રાંસી લીટી કરવાની રહેશે.

(૧૦) ઉપયુક્ત સૂચનાઓનો ભંગ કરનારને મંડળ યોગ્ય શિક્ષા કરી શકશે.

(૧૧) બેઠક નંબર (રોલ નંબર) લખવામાં ઉમેદવાર ભૂલ કરશે તો તે અંગે પછી કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૨) આ પ્રશ્નપત્રમાં જવાબનું માધ્યમ **ગુજરાતી** રહેશે અને ઉમેદવારે તે જ માધ્યમમાં જવાબ આપવાના રહેશે અન્યથા જવાબવહી તપાસવામાં આવશે નહીં

[redacted]

02

**ખાસ સુચના :** જવાબો લખતા પહેલા જવાબવહીમાં તમામ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરતજ ખંડ નિરીક્ષક પાસેથી જવાબવહી અચૂક બદલાવી લેવી. એકવાર જવાબ લખવાનું ચાલુ કર્યા બાદ જવાબવહી બદલી આપવામાં આવશે નહિ.

02

[redacted]

**સૂચનાઃ**

1. પ્રશ્નપત્રમાં તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. પ્રશ્નનાં જવાબ પાછળનાં પૃષ્ઠથી લખવા.
3. આ પૃષ્ઠ પર જવાબ લખવામાં આવશે તો તેના ગુણ આપવામાં આવશે નહી.

અહિયાં કઈ લખવું નહિ.

Do Not Write Here

03

03

**પ્રશ્ન. 1** **નીચે આપેલ ત્રણ વિકલ્પો પૈકી કોઈપણ એક પર આશરે 200 શબ્દોમાં નિબંધ ખો.**

Obtained Marks

Total Marks : 10

1. તાજેતરમાં GST માં થયેલ ફેરફારો અને તેની ભારતની અર્થવ્યવસ્થા પર અસરો.
2. સોશિયલ મીડિયા બાળકો માટે ખતરો છે કે તક?
3. શહેરીકરણની પર્યાવરણ પર અસર

ઉત્તર : ( )

05

05

**પ્રશ્ન. 2.** **નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ બે કાવ્યપંક્તિઓ કે ગદ્યસૂક્તિનો આશરે 100 શબ્દોમાં વિચાર વિસ્તાર કરો. (પ્રત્યેકના 05 ગુણ રહેશે.)**

| Obtained Marks |
|---|
| |
| Total Marks : 10 |

1. નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
– 'આદિલ' મન્સૂરી

2. એવી રીતે જીવવું જોઈએ, જાણે આપણે કાલે જ મૃત્યુ પામવાના હોઈએ.
તેવી રીતે શીખવું જોઈએ, જાણે વર્ષો સુધી જીવિત રહેવાના છીએ.
– મહાત્મા ગાંધી

3. થોડોક ભૂતકાળ મેં આપ્યો હશે કબૂલ,
તું એને ધાર કાઢીને પાછો ન મોકલાવ.
– રમેશ પારેખ

ઉત્તર : ( )

| Obtained Marks |
| --- |
| |
| Total Marks : 10 |

**પ્રશ્ન. 3. નીચે આપેલ ગદ્યખંડ (આશરે 156 શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ 1/3 ભાગમાં (આશરે 53 શબ્દો) સંક્ષેપ કરો.**

ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણમાં ફરીથી રાજ્યની ભૂમિકામાં પરિવર્તન આવી રહ્યું છે. આમ છતાં, નવા પ્રવાહો વચ્ચે પણ રાજ્યે પોતાની કલ્યાણકારી ભૂમિકા વત્તા ઓછા અંશે નિભાવવાની રહે જ છે. આજે પણ રાજ્ય બાળકના જન્મથી જ નહીં, પરંતુ જન્મ થયા પહેલાથી જ કાળજી લેવાનું શરૂ કરે છે. માતા ગર્ભવતી હોય ત્યારથી તંદુરસ્ત બાળક માટે માતાના આરોગ્યની વિવિધ યોજનાઓ રાજ્ય હાથ ધરે છે. બાળકના જન્મની નોંધ લઈને તે અટકી જતું નથી પરંતુ મનુષ્યના આરોગ્ય, શિક્ષણ, શુધ્ધ પાણી, રહેઠાણની વ્યવસ્થા, પોષણયુક્ત આહાર, રોજગારીની વ્યવસ્થા, પ્રવાસનાં ધામોની જાળવણી અને વિકાસ, રસ્તા, પુલો, બસ, રેલ્વે અને વિમાનસેવા જેવા વાહનવ્યવહાર અને ટપાલ, ટેલિફોન, ઈન્ટરનેટ જેવાં સંદેશા-વ્યવહારનાં સાધનો જેવી અનેક બાબતોનું સંચાલન રાજ્ય લોકોના કલ્યાણના હેતુથી કરે છે. આજે રાજ્ય કેટલીક સેવાઓમાંથી સબસીડી ઓછી કરી રહ્યું છે, તો કેટલાંક ખોટ કરતાં જાહેર સાહસો અને ભારે ખોટ કરતી સેવાઓ ખાનગી એકમોને સોંપી રહ્યું છે. આમ છતાં, દુષ્કાળ રાહત, ધરતીકંપ, રેલ રાહત, અગ્નિશામક સેવાઓ, કોમી રમખાણો જેવી આપત્તિઓ સમયે રાજ્ય 'કટોકટી સંચાલન' સેવા માટે વધુ સક્રિયતા બતાવવા માંડી છે.

ઉત્તર : ( )

| Obtained Marks |
|---|
| |
| Total Marks : 05 |

**પ્રશ્ન. 4. નીચે આપેલ ગદ્યખંડની સઘન વાંચના કરી પ્રશ્નોના ઉત્તર આપો.**

જગતમાં પ્રભાવક 'જમાદારી' કેટલી ઝડપથી બદલાય છે તે જાણી આશ્ચર્ય થાય છે, 1945માં બીજા વિશ્વયુધ્ધના અંત બાદ જગત પર અમેરીકન 'જમાદારી' છવાઈ ગઈ અને બ્રિટન તદ્દન હાંસિયામાં ધકેલાઈ ગયું. બીજા વિશ્વયુધ્ધમાં ઘણા યુરોપીયન દેશોનો કચ્ચરઘાણ વળી ગયો અને અમેરીકા ઉદયની શરૂઆત થઈ. કારણકે ઔદ્યોગિક ક્રાન્તિની શરૂઆત આજથી લગભગ 250 વર્ષ પહેલા ભલે બ્રિટને કરી પરંતુ જેને આપણે જથ્થાબંધ ઉત્પાદન, એસેમ્બલી લાઈન ઉત્પાદન અને જથ્થાબંધ વિતરણની શરૂઆત કહીએ છીએ અથવા બીજી ઔદ્યોગિક ક્રાન્તિ કહીએ છીએ તેની શરૂઆત અમેરીકાએ કરી. તે પછી જેને આપણે ડિજિટલ ક્રાન્તિ તેમજ એ. આઈ. ક્રાન્તિ કહીએ છીએ તે પણ અમેરીકાએ આણી છે.

અમેરીકા જે અત્યારે જગતમાં સર્વોપરિતા બતાવે છે તે પોતે જ ઈ.સ. 1776 સુધી બ્રિટનની વસાહત હતી. આથી અમેરીકા જગતમાં પોતાની વસાહતો સ્થાપવામાં માનતું નથી. પરંતુ જગતમાં ઠેકઠેકાણે પોતાને અનુકુળ સરકારો કે કહ્યાગરી સરકારોની રચના કરવા માંગે છે. ભૌગોલિક રીતે ઘણું દૂર હોવાથી વીજળીની ઝડપે નજીકથી કલાક કે બે કલાકમાં જગતના કોઈપણ દેશ પર હવાઈ કે જહાજી હુમલો કરવા તેણે જગતભરમાં 700 થી વધુ લશ્કરી થાણા સ્થાપ્યાં છે. પોતાના લશ્કરી બળ પર મુસ્તાક અમેરીકા જગત પર અપ્રત્યક્ષ રીતે રાજ કરવા માંગે છે. હવે બીજા દેશો પર પ્રત્યક્ષ રાજ કરવાનો જમાનો જતો રહ્યો છે એટલે જગતના રાજકારણમાં "હેજીમોની"નો ખ્યાલ ઊભો થયો છે. હેજીમોની એટલે બીજા દેશોનો પ્રત્યક્ષ કબજો લેવાને બદલે તેના પર પ્રભુત્વ ભોગવવું અને જે તે દેશોની સરકારોને અમેરીકાના હિતો સાચવવા કે વધારવા માટે અમેરીકાની તાબેદારી સ્વીકારવી. પરંતુ, હવે જગત એક ધ્રુવી રહ્યું નથી. અમેરીકાને એવો ભય લાગવા માંડ્યો છે કે, જગતમાં સત્તાનું કેન્દ્ર હવે એશિયાના બે સૌથી મોટા દેશો ચીન અને ભારતમાં તો નહીં ચાલ્યું જાય ને?

**પ્રશ્નો :**

1. જગતમાં અમેરીકાની 'જમાદારી' કેવી રીતે શરૂ થઈ?

ઉત્તર : ( )

2. બ્રિટન અને અમેરીકાએ કઈ કઈ ક્રાન્તિઓ લાવી?

ઉત્તર : ( )

3. જગતના કોઈપણ દેશ પર હુમલો કરવા માટે અમેરીકાએ કેવું આયોજન કર્યું છે?

ઉત્તર : ( )

4. 'હેજીમોની' એટલે શું?

ઉત્તર : ( )

5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

ઉત્તર : ( )

Obtained Marks

Total Marks : 10

**પ્રશ્ન. 5.** આપના શહેરમાં આગામી બે દિવસ દરમ્યાન નવી પમ્પીંગ મશીનરી નાખવા માટે પાણી પુરવઠો બંધ રહેવા બાબત નગરપાલિકાના મુખ્ય અધિકારી તરફથી માહિતી આપતું પ્રસાર માધ્યમો માટેનું નિવેદન આશરે 200 શબ્દોમાં લખો.

ઉત્તર : ( )

| | |
|---|---|
| **Obtained Marks** | |
| **Total Marks : 05** | |

**પ્રશ્ન. 6.** તમારા વિસ્તારમાં અનિયમિત વીજ પૂરવઠા બાબતે વીજ ખાતાને ફરિયાદ કરતો પત્ર આશરે 100 શબ્દોમાં લખો.

ઉત્તર : ( )

13

13

**પ્રશ્ન. 7.** આપના શહેરમાં આડેધડ પાર્કિંગ તેમજ તેના કારણે થતી ટ્રાફિક સમસ્યાને કેન્દ્રમાં રાખીને 'અબક' વર્તમાનપત્રના તંત્રીને આપનો વ્યક્તિગત અભિપ્રાય રજુ કરતું આશરે 200 શબ્દોમાં ચર્ચાપત્ર લખો.

Obtained Marks

Total Marks : 10

ઉત્તર : (  )

14

14

**પ્રશ્ન. 8.** તાજેતરમાં આપની કચેરીમાં યોજાઈ ગયેલાં વૃક્ષારોપણ કાર્યક્રમ અંગેનો અહેવાલ આશરે 200 શબ્દોમાં લખો.

ઉત્તર : ( )

| Obtained Marks |
| --- |
| |
| Total Marks : 10 |

16

16

**પ્રશ્ન. 9.** **નીચે આપેલ વાક્યોનો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરો.**

Obtained Marks

Total Marks : 10

1. The boys are working on the first floor.

ઉત્તર : ( )

2. He draws pictures during holidays.

ઉત્તર : ( )

3. He had run very fast to catch the train.

ઉત્તર : ( )

4. When the teacher entered the classroom, all the students were playing.

ઉત્તર : ( )

5. The cook has made a delicious dish.

ઉત્તર : ( )

18

18

6. How long have you been in this city?

ઉત્તર : ( )

7. I haven't watched that film before.

ઉત્તર : ( )

8. If you wear warm clothes, you won't get cold.

ઉત્તર : ( )

9. The engine will start when you push that button.

ઉત્તર : ( )

10. How high can you jump?

ઉત્તર : ( )

**પ્રશ્ન. 10.** **સૂચવ્યા મુજબ ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના જવાબ લખો**

| Obtained Marks |
|---|
| |
| Total Marks : 20 |

1. હાડકાં રંગવા (રૂઢિપ્રયોગનો અર્થ અને તેનો વાક્યપ્રયોગ લખો) (02)

ઉત્તર : ( )

2. મધદરિયામાં ખારવા ખૂટ્યા (કહેવતનો અર્થ સમજાવો અને તેનો વાક્યપ્રયોગ લખો) (02)

ઉત્તર : ( )

3.1. પાણીકળો (સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો) (01)

ઉત્તર : ( )

3.2. અષ્ટદિશા (સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો) (01)

ઉત્તર : ( )

20

20

4.1. વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ (છંદ ઓળખાવો) (01)

ઉત્તર : ( )

4.2. રોમે રોમે વિરહભયની વેદનાથી વળે છે (છંદ ઓળખાવો) (01)

ઉત્તર : ( )

5.1. હીરો એ હીરો ને કાચ એ કાચ, એકનું સ્થાન બીજો લઈ શકે? (અલંકાર ઓળખાવો) (01)

ઉત્તર : ( )

5.2. અમારી સંસ્થા વિવિધ પ્રતિભા ધરાવતા બાળકોનું સન્માન કરશે (અલંકાર ઓળખાવો) (01)

ઉત્તર : ( )

6.1. બરફથી ઢંકાયેલું (શબ્દસમૂહ માટે એક શબ્દ આપો) (01)

ઉત્તર : ( )

6.2. મલિન નથી તેવું (શબ્દસમૂહ માટે એક શબ્દ આપો) (01)

ઉત્તર : ( )

7.1. નીરામીષ (જોડણી શુધ્ધિ કરો) (01)

ઉત્તર : ( )

7.2. શીંગડુ (જોડણી શુધ્ધિ કરો) (01)

ઉત્તર : ( )

22

22

8.1. દરેક વિદ્યાર્થીઓએ મેદાન ઉપર હાજર રહેવું (લેખન શુદ્ધિ કરો) (01)

ઉત્તર : ( )

8.2. યથાશક્તિ પ્રમાણે દાન કરવું જોઈએ (લેખન શુદ્ધિ કરો) (01)

ઉત્તર : ( )

9.1. સ્વેચ્છા (શબ્દની સંધિ છોડો) (01)

ઉત્તર : ( )

9.2. ગુરુ+ઉપસદન (શબ્દની સંધિ જોડો) (01)

ઉત્તર : ( )

10. મરીને શો લાભ? (પ્રશ્નાર્થમાંથી નિર્દેશાર્થ કરો) (02)

ઉત્તર : ( )

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

ઉમેદવારે પોતાની ઓળખ થાય તે પ્રકારની કોઈપણ નિશાની, તખલ્લુસ કે ચિન્હ દર્શાવવા નહીં. આ સૂચનાનો ભંગ કરનારને યોગ્ય શિક્ષા કરી શકાશે.

24

24